RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 266, Dt.29-12-2023 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ૯ ક્રિપ્ટો એક્સચેન્જ ઓપરેટરોને કેન્દ્રની નોટીસ

## Binance સહિત ૯ ક્રિપ્ટો એકસચેન્જ સામે ભારત સરકાર લાલઘુમઃ સ્થાનિક મની લોન્ડ્રીંગના કાયદાનું પાલન કર્યા વિના દેશમાં ગેરકાયદે રીતે ચાલતાં આ પ્લેટફોર્મના યુઆરએલ બ્લોક કરી દેવામાં આવશેઃ આઈટી મંત્રાલય



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય નાણા મંત્રાલયએ ક્રિપ્ટો એક્સચેન્જ ઓપરેટર Binance સહિત ૯ ઓફશોર વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ સર્વિસ પ્રોવાઈડર્સને શો કોઝ નોટિસ ફટકારી છે. આ ઉપરાંત IT મિનિસ્ટ્રીને પણ કહ્યું છે કે સ્થાનિક મની લોન્ડરિંગ કાયદાનું પાલન કર્યા વિના દેશમાં ગેરકાયદે રીતે ચાલતા આ પ્લેટફોર્મના યુઆરએલ બ્લોક કરી દેવામાં આવે.

કુલ ૯ ક્રિપ્ટો એક્સચેન્જને આ નોટિસ મોકલવામાં આવી છે જેમાં Binance, Kucoin, Huobi, Kraken, Gate.io, Bittrex, Bitstamp, MEXC Global અને Bitfinex નો સમાવેશ થાય છે. ૨૮ ડિસેમ્બરે એક નિવેદનમાં નાણા મંત્રાલયે કહ્યું કે ઓફશોર અને ઓનશોર વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ સર્વિસ પ્રોવાઈડર ભારતમાં કામ કરી રહ્યા છે અને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ તથા ફિયાટ કરન્સી વચ્ચે આપ-લે, વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ કે ઈન્સ્ટ્રુમેન્ટના હસ્તાંતરણ તથા વહીવટ સહિતની પ્રવૃત્તિઓમાં સામેલ છે. આ તમામ પ્લેટફોર્મ્સ માટે ફાયનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ- ઈન્ડિયા સાથે રજિસ્ટ્રેશન કરાવવું અને પ્રિવેનશન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓનું પાલન કરવું ફરજિયાત થઇ જશે.

ફાયનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ- ઈન્ડિયા એક રાષ્ટ્રીય એજન્સી છે જે કાયદાનું અમલ કરાવતી એજન્સીઓ અને તેના વિદેશી સમકક્ષોને શંકાસ્પદ નાણાકીય હેરફેર સંબંધિત માહિતી પૂરી પાડવા, તેનું વિશ્લેષણ કરવામાં અને તેને શેર કરવા માટેની જવાબદારી ધરાવે છે.

## આગામી ૧લી જાન્યુઆરી-૨૦૨૪ના વિશ્વની વસ્તી ૮૦૦ કરોડ થઈ જશે

**મુખ્ય સમાચાર, ન્યુયોર્ક**


વિશ્વમાં વસતી વધારાનો ટ્રેન્ડ ૨૦૨૩માં પણ ચાલુ રહ્યો છે અને આ વર્ષમાં ૭૫૦ લાખની વસ્તી વધી છે અને નવા વર્ષના દિને વિશ્વની વસતી ૮૦૦ કરોડની થઈ જશે.અમેરિકી સેશન્સ બ્યુરોના આંકડા મુજબ જો કે વિશ્વમાં વસ્તી વૃદ્ધિ દર ૧ ટકો જ રહ્યો છે. આગામી વર્ષે દર સેકન્ડે ૪.૩ જન્મ સામે બે ના મૃત્યુ નોંધાશે. અમેરિકાનો વસ્તી વૃદ્ધિ દર ૦.૫૩ ટકા રહ્યો છે. ૨૦૨૩માં અમેરિકાની વસ્તીમાં ૧૭ લાખ લોકોનો ઉમેરો થયો અને હવે આ દેશની વસ્તી ૩૩.૫૮ કરોડ થઈ છે.

## રાજ્ય સરકાર દ્વારા લેવાતી વર્ગ-૩ની પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો

### જુનિયર કલાર્ક માટે માત્ર એમસીકયુ પધ્ધતિ જ લાગુ થશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં વિવિધ સરકારી ભરતી પરીક્ષામાં ગેરરીતિ-પેપરલીક જેવા ઘટનાક્રમો બાદ હવે રાજય સરકાર દ્વારા વર્ગ-૩ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર લાગુ કરવાનો નિર્ણય લીધો છે. જુનીયર કલાર્કની પરીક્ષા એમસીકયુ પદ્ધતિથી લેવાશે જયારે હેડકલાર્સ, ઓફિસ આસીસ્ટંટ વગેરેમાં લેખિત પરીક્ષા પણ હશે. રાજય સરકાર દ્વારા આ અંગેનું નોટીફીકેશન બહાર પાડવામાં આવ્યું છે.



ગુજરાતમાં છેલ્લા વર્ષોમાં અનેક ભરતી પ્રક્રિયામાં ગોટાળા-ગેરરીતિના ઘટનાક્રમ સર્જાયા હતા. પંચાયતથી માંડીને પોલીસ સુધીની ભરતીમાં આવા કિસ્સા બન્યા હતા તેમાં સરકારની છબી ખરડાઈ હતી.

ગત સપ્તાહમાં જેટકોની ભરતી પ્રક્રિયા પણ ગેરરીતિને કારણે રદ કરી દેવામાં આવી હતી. સરકારે ભરતી પ્રક્રિયા ફુલપ્રુફ બનાવવા માટે નવી પદ્ધતિ લાગુ કરવાનું અગાઉ જ જાહેર કરી દીધુ હતું અને હવે તેનુ નોટીફીકેશન બહાર પાડવામાં આવ્યું છે.

રાજયમાં વર્ગ ત્રણની ભરતી માટે પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં જુનિયર કલાર્કની ભરતી પરીક્ષા એમસીકયુ પદ્ધતિમાં લેવાશે. હેડકલાર્ક, ઓફિસ આસીસ્ટન્ટ સહિત વિવિધ સંવર્ગની ભરતી માટે મુખ્ય લેખિત પરીક્ષા લેવાશે. આ અંગે સામાન્ય વહીવટી વિભાગ દ્વારા સતાવાર રીતે નોટીફીકેશન બહાર પાડવામાં આવ્યું છે. જેથી વર્ગ-૩ની પરીક્ષા પણ બે તબકકામાં આયોજીત થશે.

## રામ મંદિરના ઉદ્ઘાટન પૂર્વે લક્ષ્મીજીની પણ વર્ષા થશેઃ ૫૦ હજાર કરોડથી પણ વધુનો થશે વેપાર

### બજારોમાં રામ મંદિરના મોડલથી માંડીને મોટી માત્રામાં શ્રીરામ ધ્વજા, અંગ વસ્ત્ર, કૂર્તા, ટીશર્ટ, હોર્ડિંગ, બેનર સહિતનો વેપાર શરૂ

**મુખ્ય સમાચાર, અયોધ્યા**

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને લઈને વ્યાપાર જગતમાં પણ ખાસ્સો એવો ઉત્સાહ છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ) એ અનુમાન લગાવ્યું છે કે આવતા મહિને ફરી એકવાર દિવાળીની જેમ ૫૦ હજાર કરોડથી વધુનો વેપાર થશે. કેટના રાષ્ટ્રીય અધ્યક્ષ બી.સી.ભરતીયા અને રાષ્ટ્રીય મહામંત્રી પ્રવિણ ખંડેલવાલે જણાવ્યું હતું કે, વિશ્વ હિન્દુ પરિષદના આહવાન પર દેશભરમાં રામમંદિરના ઉદઘાટનને લઈને ૧ જાન્યુઆરીથી અભિયાન શરૂ થવા જઈ રહ્યું છે.



બધા રાજયોમાં વેપારની મોટી તકો દેખાઈ રહી છે. બજારોમાં મોટી માત્રામાં શ્રીરામ ધ્વજા, શ્રીરામ અંગવસ્ત્ર, ચિત્ર અંકિત માળાઓ, લોકેટ, ચાવીના ઝુડા, રામ દરબારના ચિત્રો, રામમંદિરના મોડેલ, સજાવેલ લટકણિયા અને કડા વેચશે.સૌથી વધુ માંગ શ્રીરામ મંદિરના મોડેલની જોવા મળી રહી છે તે હાર્ડબોર્ડ, પ્લાઈવુડ અને લાકડામાંથી બની રહ્યા છે. આથી સ્થાનિક કલાકારો, પેન્ટર્સ, હસ્ત કલાકારીગરીની કામ કરતી મહિલાઓને પણ રોજગાર મળી રહ્યા છે. આ દિવસો વેપારની સાથે સાથે રોજગારની મોટી તકો લઈને આવી રહ્યા છે.

માર્કેટમાં મોટી સંખ્યામાં કુર્તા, ટીશર્ટ પણ વેચાવા લાગ્યા છે. પ્રાણ પ્રતિષ્ઠાને દિવસે દિવાળી ઉજવવામાં આવશે, તેને જોતા દીવાના કોડિયા, રંગોળી, ફુલોની સજાવટ, લાઈટની સીરીઝનો ધંધો કરનારાઓએ પણ તૈયારી કરી લીધી છે.

પ્રવિણે જણાવ્યું હતું કે પ્રચાર સામગ્રી માટે રસ્તા પર હોર્ડીંગ, પોસ્ટર, બેનર, પત્રિકા, સ્ટીકર અને અન્ય સાહિત્યની ડિમાન્ડથી વ્યાપાર વધશે. દેશભરમાં સંગીત વ્યવસાયથી જોડાયેલા લોકો પણ કાર્યક્રમોને લઈને પુરી તૈયારીમાં લાગી ગયા છે.

## પ્રિયંકા ગાંધીની મુશ્કેલી વધીઃ મની લોન્ડરિંગ મામલે પહેલી વખત EDની ચાર્જશીટમાં નામ

### EDએ આ મામલે રોબર્ટ વાડ્રા પર પણ આરોપ લગાવ્યા છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી મોટા મુશ્કેલીમાં ફસાતા નજર આવી રહ્યા છે. EDએ મની લોન્ડરિંગ મામલે પોતાની ચાર્જશીટમાં પ્રિયંકા ગાંધીના નામનો ઉલ્લેખ કર્યો છે. EDએ આ મામલે રોબર્ટ વાડ્રા પર પણ આરોપ લગાવ્યા છે.



EDનું કહેવું છે કે, ૨૦૦૬માં પ્રિયંકા અને રોબર્ટ વાડ્રાએ દિલ્હી સ્થિત રિયલ એસ્ટેટ એજન્ટ એચએલ પાહવા પાસેથી હરિયાણાના ફરીદાબાદમાં પાંચ એકર કૃષિ જમીન ખરીદી હતી અને એ જ જમીનને ફેબ્રુઆરી ૨૦૧૦માં વેંચી નાખી હતી.

EDએ પોતાની ચાર્જશીટમાં પ્રથમ વખત કોંગ્રસ નેતા પ્રિયંકા ગાંધીનું નામ આપ્યુ છે. એજન્ટ પાહવા એ જ વ્યક્તિ છે જેણે એનઆરઆઈ બિઝનેસમેન સીસી થમ્પીને પણ જમીન વેચી હતી. તેની સાથે સંબંધિત બીજા મામલે ભાગેડુ હથિયાર ડીલર સંજય ભંડારી બી સામેલ છે. જેની વિરુદ્ધ મની-લોન્ડરિંગ, વિદેશી ચલણ અને કાળા નાણાના કાયદાના ઉલ્લંઘન અને સત્તાવાર ગુપ્ત કાયદા હેઠળ એજન્સીઓ તપાસ કરી રહી છે. ભંડારી ૨૦૧૬માં ભારતથી બ્રિટેન ભાગી ગયો હતો. થમ્પી પર બ્રિટિશ નાગરિક સુમિત ચઢ્ઢા સાથે મળીને ભંડારીને કાળું નાણું છુપાવવામાં મદદ કરવાનો આરોપ છે.

EDએ આ કેસ સાથે સંબંધિત તેની પ્રથમ ચાર્જશીટમાં થમ્પીના કથિત નજીકના સહયોગી તરીકે રોબર્ટ વાડ્રાનું નામ સામેલ કર્યું છે. તાજેતરની ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે કે, પાહવાને જમીન લેવા માટે એકાઉન્ટ બુકમાંથી રોકડ આપવામાં આવી હતી. એવું પણ જાણવા મળ્યું છે કે રોબર્ટ વાડ્રાએ પાહવાને વેચાણ માટે સંપૂર્ણ ચુકવણી નહોતી કરી.

## પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટવાની સંભાવનાઃ નાની બચતના વ્યાજદર વધશે

### કેન્દ્રની મોદી સરકારે નવા વર્ષની ગીફ્ટ આપવા કરી તૈયારીઃ પેટ્રોલ તથા ડિઝલમાં લીટરદીઠ રૂ.૧૦ સુધીનો ઘટાડો કરવાની વિચારણા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેલેન્ડર વર્ષ ૨૦૨૩ પુર્ણ થવાને આડે માંડ બે દિવસ બાકી રહ્યા છે ત્યારે કેન્દ્રની મોદી સરકાર નવા વર્ષની ગીફ્ટ તરીકે પેટ્રોલ-ડિઝલમાં મોટો ભાવઘટાડો કરી શકે છે. ઉપરાંત મોંઘવારીના દોરમાં નાની બચત યોજનાઓના વ્યાજદરમાં વધારો કરી શકે છે.

વિશ્વસ્તરે ક્રુડતેલ સતત સસ્તુ થઈ રહ્યું છે. ભારતમાં લાંબા વખતથી પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડવાની માંગ થતી હોવા છતાં કોઈ નિર્ણય થતો ન હતો. હવે આગામી વર્ષે લોકસભાની ચુંટણી છે અને તે પુર્વે મોંઘવારી ઘટાડવા માટે સરકાર એકશનમાં આવી જ ગઈ છે. ખાસ કરીને ખાદ્ય મોંઘવારી ઘટાડવા માટે છેલ્લા કેટલાક દિવસો દરમ્યાન કેટલાંક કદમ ઉઠાવવામાં આવ્યા જ છે. હવે પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડીને મોટી રાહત આપવાની વિચારણા છે.



સૂત્રોના કહેવા પ્રમાણે નવા વર્ષની ગીફ્ટ તરીકે પેટ્રોલ તથા ડિઝલમાં લીટરદીઠ રૂ.૧૦ સુધીનો ઘટાડો કરવાની કેન્દ્ર સરકારની વિચારણા છે. વૈશ્વિક ક્રુડના ઉંચા ભાવ વખતે તેલ કંપનીઓને લીટરદીઠ રૂ.૧૭ સુધીની ખોટ સહન કરવાનો વખત આવ્યો હતો. હવે કેટલાંક વખતથી વૈશ્વિક ક્રુડનો ભાવ ૭૦થી૮૦ ડોલરની રેન્જમાં જ ચાલી રહ્યો હોવાથી પેટ્રોલિયમ કંપનીઓ પેટ્રોલમાં રૂ.૮થી૧૦ તથા ડિઝલમાં રૂ.૩થી૪નો નફો કમાઈ રહી છે. આજે ડબલ્યુટીઆઈ ક્રુડ ૭૨ ડોલરે રહ્યું હતું.

સૂત્રોના કહેવા પ્રમાણે પેટ્રોલ-ડિઝલમાં ભાવઘટાડાથી પરિવહન સસ્તુ થવાના સંજોગોમાં અન્ય ચીજવસ્તુઓ-સેવાઓ પણ સસ્તી થવા સાથે ફુગાવો નીચો આવી શકે છે અને સરકારને ચુંટણીમાં રાજકીય લાભ થવાની સંભાવના રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતમાં છેલ્લા દોઢ વર્ષથી પેટ્રોલ-ડિઝલના ભાવમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી. દૈનિક ભાવ નકકી કરવાની નીતિ વચ્ચે પણ કિંમત સ્થિર જ રાખવામાં આવી છે.

બીજી તરફ મોંઘવારીના વર્તમાન દોરમાં નાની બચત યોજનાઓના વ્યાજદરમાં વધારો થવાની પણ સંભાવના છે. કેન્દ્ર સરકાર દર ત્રિમાસિક ગાળા માટે નાની બચત વ્યાજદરની સમીક્ષા કરે છે. ૧લી જાન્યુઆરીથી લાગુ થનારા નવા વ્યાજદરમાં વધારો સંભવ છે. છેલ્લે ઓકટોબર-ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા માટે સરકારે માત્ર પાંચ વર્ષની બે યોજનાના વ્યાજદરમાં વધારો જાહેર કર્યો હતો.

કેન્દ્ર સરકાર હાલ પોસ્ટ બચત, પીપીએફ, સુકન્યા સીનીયર સીટીઝન, રાષ્ટ્રીય બચતપત્રો સહિત ૧૨ પ્રકારની નાની બચત યોજનાઓ ચલાવે છે. છેલ્લા ૧૨માંથી ૧૦ યોજનામાં વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા છે. નાણાં મંત્રાલય દ્વારા વ્યાજદરમાં બદલાવ જાહેર કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે પીપીએફ સ્કીમમાં ચાર વર્ષથી વ્યાજદરમાં કોઈ બદલાવ કર્યો નથી. એપ્રિલ ૨૦૨૦થી ૭.૧ ટકાનો વ્યાજદર યથાવત છે જે અગાઉ ૭.૯ ટકા હતો. આ વખતે સરકાર પીપીએફ વ્યાજમાં વધારો જાહેર કરી શકે છે. અધિકારીઓના કહેવા પ્રમાણે ટેકસ ચુકવણી બાદ પણ તેમાં રીટર્ન ૧૦.૩૨ ટકા થઈ જતુ હોવાથી ચાર વર્ષથી વ્યાજ સ્થિર રખાયા છે.

## અરબ દેશમાં પહેલું હિન્દુ મંદિરઃવડાપ્રધાન મોદી ૧૪મી ફેબ્રુઆરીએ અબુ ધાબીમાં BAPS મંદિરનું ઉદ્ઘાટન કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અબુ ધાબીમાં પ્રથમ પરંપરાગત હિન્દુ મંદિરનું નિર્માણ કરાયું છે. ત્યારે સ્વામિનારાયણ મંદિરના ઉદઘાટન માટે BAPS મંદિર દ્વારા સૌથી પહેલું આમંત્રણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપવામાં આવ્યું છે. પૂજ્ય સ્વામી ઈશ્વરચરણદાસ અને સ્વામી બ્રહ્મવિહારીદાસ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૧૪ ફેબ્રુઆરી૨૦૨૪ના રોજ યોજાનાર ઉદઘાટન સમારોહ માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પીએમ મોદીએ ઐતિહાસિક અને પ્રતિષ્ઠિત મંદિર માટે તેમનો ઉત્સાહી સમર્થન વ્યક્ત કરીને આમંત્રણ સ્વીકાર્યું. પૂજ્ય સ્વામી ઈશ્વરચરણદાસે પરંપરાગત રીતે હાર પહેરાવીને અને કેસરી શાલ ઓઢાડીને પીએમ મોદીનું સન્માન કર્યું.

અબુધાબી ખાતે નવનિર્મિત સ્વામીનારાયણ મંદિરના ઉદઘાટન માટે આમંત્રણ પત્રિકામાં



મહંતસ્વામી મહારાજે પીએમ મોદી ને 'પ્રમુખ સ્વામીના પ્રિય પુત્ર' તરીકે સંબોધિત કર્યા છે.


ગુરૂવારે સાંજે ૭ લોક કલ્યાણ માર્ગ ખાતેના વડાપ્રધાનના નિવાસી કાર્યાલયમાં લગભગ એક કલાક જેટલી બેઠક ચાલી હતી. આ દરમિયાન વૈશ્વિક સંવાદિતા માટે અબુ ધાબી મંદિરના મહત્વ અને વૈશ્વિક મંચ પર ભારતના આધ્યાત્મિક નેતૃત્વ માટે મોદીના વિઝનની આસપાસ ચર્ચાઓ થઈ. BAPS પ્રતિનિધિ મંડળે વડાપ્રધાનના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી અને તેમની અસાધારણ વૈશ્વિક સિદ્ધિઓને સ્વીકારી. ખાસ કરીને UAE અને અન્ય મધ્ય પૂર્વીય દેશો સાથેના સંબંધોને મજબૂત બનાવ્યા. તેઓએ મોદીના નેતૃત્વએ વિશ્વભરના ભારતીયોમાં જે ગૌરવ અને પ્રેરણા આપી છે તેની પણ ચર્ચા થઈ.

સ્વામી બ્રહ્મવિહારીદાસે હિન્દુ મંદિરનું નવીનતમ અપડેટ દર્શાવ્યું, તેની જટિલ કોતરણી અને સર્વસમાવેશક ભવ્યતા પર ભાર મૂકતા કહ્યું કે- ઉદઘાટન સમારોહ એક મહાન પ્રસંગ હશે, આવનારા સમય માટે ઉજવણીની સહસ્ત્રાબ્દી ક્ષણ હશે. જેમાં પીએમ મોદીએ ઉમેર્યું હતું કે તેઓ વસુધૈવ કુટુંબકમના આદર્શને પ્રતિબિંબિત કરશે. એક આદર્શ આધ્યાત્મિક જગ્યા જે માત્ર માન્યતાઓ અને પરંપરાઓમાં જડેલી નથી, પરંતુ વિવિધ સંસ્કૃતિઓ અને સંસ્કૃતિઓનો સંગમ છે. આધ્યાત્મિક સંવાદિતાનો સાર આગળના માર્ગનું પ્રતીક છે.

## ISRO ૨૦૨૬ સુધીમાં G20 સેટેલાઇટ લોન્ચ કરવાની યોજના બનાવી રહ્યું છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન આગામી બે વર્ષમાં વિશ્વને એક મોટી ભેટ આપવા જઈ રહી છે. ISRO ૨૦૨૬ સુધીમાં G20 સેટેલાઇટ લોન્ચ કરવાની યોજના બનાવી રહ્યું છે. આ સેટેલાઇટ વાયુ પ્રદૂષણ અને ગ્રીનહાઉસ ઉત્સર્જન જેવા ક્ષેત્રોમાં ડેટા ઉપલબ્ધ કરશે. ISRO પ્રમુખ એસ. સોમનાથે G20 દેશોને આ સેટેલાઇટમાં પોતાનું યોગદાન આપવા અપીલ કરી છે.



ISROના પ્રમુખ એસ. સોમનાથે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી મુંબઈના વાર્ષિક વિજ્ઞાન અને તકનીકી ઉત્સવ ટેકફેસ્ટમાં જણાવ્યું હતું. જણાવ્યું હતું કે, ભારતે G20 દેશોને તેના પ્રસ્તાવિત G20 સેટેલાઇટમાં પેલોડ, ઉપકરણોના માધ્યમથી યોગદાન આપવા કહ્યું છે જે આગામી બે વર્ષમાં લોન્ચ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે હવામાન અને આબોહવા મહત્ત્વના પાસાઓ બનવા જઈ રહ્યા છે અને ભારત વાયુ પ્રદૂષણ, ગ્રીનહાઉસ ઉત્સર્જન, ભેજમાં ફેરફાર અને વરસાદ, સમુદ્રની વર્તણૂક, પ્રવાહો, તરંગો, જમીનની ભેજ અને વિકિરણ જેવા વિવિધ પરિમાણોને માપીને આ ક્ષેત્રમાં યોગદાન આપવા માગે છે.

એસ. સોમનાથે જણાવ્યું હતુ કે, અમે બે વર્ષમાં સેટેલાઇટ લોન્ચ કરીશું. આ સમગ્ર વિશ્વમાં ભારતનું યોગદાન હશે. નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સપ્ટેમ્બરમાં પર્યાવરણ અને આબોહવા અવલોકન માટે G20 સેટેલાઇટ લોન્ચ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

એસ. સોમનાથે જણાવ્યું હતુ કે, અમે એ સુનિશ્ચિત કરવા માગીએ છીએ કે ડેટા સમગ્ર વિશ્વ અને દરેક દેશ માટે ઉપલબ્ધ હોય જેથી તેઓ તેનો ઉપયોગ તેમના ક્લાઈમેટ મોડલ અને વૈજ્ઞાનિક સંશોધન માટે કરી શકે. અમે વિશ્વ માટે ઉપગ્રહ બનાવવા માટે વિશ્વના દરેક વૈજ્ઞાનિક સમુદાયનું સ્વાગત કરીએ છીએ.

# ૩૧ ડિસેમ્બરને લઈને મોરબી જીલ્લા પોલીસ તંત્ર એક્શન મોડમાં





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસ તંત્ર દ્વારા આજરોજ મોરબી શહેરના મધ્યેથી ફુટ પેટ્રોલિંગ અને વાહન ચેકીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

મોરબી જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૩૧ ડિસેમ્બરને લઈને મોરબી શહેરી વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ તેમજ વાહન ચેકીંગનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ મોરબી તેમજ મોરબી આસપાસના વિસ્તારમાં આવેલ હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ તથા ગેસ્ટ હાઉસમાં ચેકીંગ હાથ ધરાયુ હતું. તથા મોરબી શહેરી વિસ્તારમાં આવેલ પોલીસ ચેક પોસ્ટ ઉપર એક્સ્ટ્રા સ્ટાફ રાખી વાહન ચેકીંગની કામગીરી કરવામાં આવશે. આ રીતની કામગીરી સતત ૩૧ ડિસેમ્બર સુધી દરરોજ પોલીસ તંત્ર દ્વારા ખડેપગે રહી કરવામાં આવશે.

વધુમાં ડીવાયએસપી પી. એ. ઝાલા દ્વારા મોરબીના શહેરીજનોને ખાસ અપીલ કરવામાં આવી હતી કે ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરો ત્યારે આમ નાગરિકોને ત્રાસદાયક અને લોકોને ખલેલ ન પહોંચે તે રીતે કરજો તેમજ લોકોને ખાસ જણાવવામાં આવ્યું છે કે નશાકારક દ્રવ્યોના સેવનથી દૂર રહી ઉજવણી કરશો તેવી અપીલ કરવામાં આવી છે.

# મોરબીના જેતપર – અણિયારી ફોરલેન પ્રોજેક્ટમાં થયેલાં દબાણો ઉપર બુલડોઝર ફર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી - જેતપર - અણિયારી ફોરલેન રોડ પ્રોજેક્ટમાં જેતપર ગામના ગામ તળમાં અનેક દબાણો ઉભા થયેલ હોવાથી ફોરલેન પ્રોજેક્ટ વિલંબમાં પડતા જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ આજે મેગા ડિમોલિશન હાથ ધરી અંદાજે ૫૦ હજાર ચોરસમીટર જમીન ખુલ્લી કરવવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી-જેતપર - અણીયારી માર્ગ રાજ્ય માર્ગ અને મકાન વિભાગ હસ્તકનો રાજ્ય ધોરી માર્ગ છે. જેમા મહેંદ્રનગર ચોકડીથી અણીયારી જેતપર ઘોડાધ્રોઈ નદીના બ્રિજ સુધી ચાર માર્ગિકરણ તથા જેતપર ઘોડાધ્રોઈ નદીના બ્રિજથી ગામતળમાંથી પસાર થઈ લંબાઈમાં રીસરફેસિંગ કરવાની કામગીરી, ત્યારબાદની લંબાઈમાં અણીયારી ચોકડી સુધીમા દસ મીટર પહોળો કરવાની કામગીરીનો સમાવેશ થાય છે.

જો કે, જેતપર ગામતળમા માર્ગ મકાન વિભાગ રાજ્ય હસ્તકની જગ્યા ઉપ્લબ્ધ ન હોવાથી હયાત રસ્તાના ગામતળમાંથી પસાર થઈ લંબાઈમાં ફક્ત રીસરફેસિંગની જ કામગીરી હાલના કામમાં સમાવેશ કરવામાં આવેલ, જે કામગીરી દુકાનદારો દ્વારા કરેલા દબાણને કારણે અટકેલી હતી. જે દબાણ હટાવવા દુકાનદારોને ગ્રામ-પંચાયત દ્વારા બે વખત નોટિસ આપવા છતા દુકાનદારોએ સ્વેચ્છાએ દબાણ દુર કરેલ ન હતુ. જે દબાણ આજ તા.૨૮ના રોજ જિલ્લા વિકાસ અધિકારી દિગ્વિજય સિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ તાલુકા પંચાયત કચેરી મોરબી તેમજ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન (સ્ટેટ)ની સંયુક્ત ટીમ દ્વારા પીજીવીસીએલના કર્મચારીઓની હાજરીમા પોલીસ પ્રોટેક્શન સાથે દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આજ હાથ ધરવામાં આવેલ કાર્યવાહીમાં તાલુકા વિકાસ અધિકારી પી.એસ. ડાંગર, ઇ.ચા. કાર્યપાલક ઇજનેર માર્ગ અને મકાન (સ્ટેટ)- એચ.એ. આદ્રોજા, સમાજ કલ્યાણ અધિકારી અતુલ છાછીયા, નાયબ કાર્ય પાલક ઇજનેર (સ્ટેટ) ચંદ્રાલા, એ.ટી.ડી.ઓ. વી.એમ .જિવાણી, વિસ્તરણ અધિકારી પંચાયત, કલ્પેશ બારેજીયા, તા.પં.મોરબી દબાણ ક્લાર્ક ધર્મેન્દ્ર દેત્રોજા અને પીજીવીસીએલ તથા પોલીસ સ્ટાફ હાજર રહેલ અને કાર્યવાહીમાં દસ જેટલી દુકાનો તથા શાક માર્કેટ અને વિવિધ દબાણકારો દ્વારા ઓટા બનાવી કે અન્ય રીતે કરેલ અંદાજીત પચાસ હજાર ચો.ફુટ જેટલુ દબાણ દુર કરવામાં આવેલ હતુ.





# ઉનાના જૂના બસ સ્ટેશન પાસે ગંદકી અને પાણીના પ્રશ્નને લઈ ધારાસભ્યએ નિકાલ કરવા સરકારી તંત્રને આપી સુચના

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊના:** ઉના શહેર માં પાંજીગરા શેરી જૂના બસ સ્ટેન્ડમાં વર્ષોથી ગંદકી અને પાણીના પ્રશ્નોને લઈને ઉનાના કાર્યશીલ ધારાસભ્યકાળુભાઈ રાઠોડ એ તાત્કાલિક ધોરણે નિકાલ કરવા જેતે વિભાગના અધિકારીઓ ને બોલાવી અને સૂચના આપી આ તકે તેઓની સાથે ઉના નગરપાલિકા ના પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ રાજુભાઇ ડાભી,નગરપાલિકા કારોબારી સમિતિ ના ચેરમેન શ્રી ધીરુભાઈ છગ,શહેર ભાજપાના પ્રમુખ શ્મિતેષભાઈ શાહ, નગરપાલિકા ના ઉપપ્રમુખ મયંકભાઇ જોશી તથા નગરસેવકો, ઉપસ્થિત રહ્યા હતા




# મોરબીની પી.જી.પટેલ કોલેજ દ્વારા બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

શિક્ષણની સાથેસાથે વિધાર્થીઓના સર્વાંગી વિકાસલક્ષી અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરતી મોરબીની અગ્રણી એવી પી.જી.પટેલ કોલેજમાં વિધાર્થીઓમાં ખેલ-કુદ અને રમત-ગમત પ્રત્યે રસ રૂચિ વધે, સામુહિક ખેલદિલીની ભાવના વિકસે અને શારીરિક વ્યાયામ પણ થાય તેવા ઉમદા હેતુસર પ્રમુખશ્રી દેવકરણભાઈ અને આચાર્યશ્રી ડો.રવીન્દ્ર ભટ્ટ ની રાહબરી હેઠળ કોલેજના વિધાર્થીઓ માટે સ્કાઈ બોક્ષ ક્રિકેટ - મહેન્દ્રનગર ખાતે ભવ્ય બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સંખ્યાબંધ કોલેજના વિધાર્થીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ આયોજનમાં કોલેજના આચાર્ય ડો.રવીન્દ્ર ભટ્ટ સહીત મોટી સંખ્યામાં કોલેજ સ્ટાફ પણ જોડાઈને વિધાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તમામ વિજેતાઓને સંસ્થાના પ્રમુખશ્રી દેવકરણભાઈ અને આચાર્યશ્રી ડો.રવીન્દ્ર ભટ્ટ તથા સમગ્ર સ્ટાફ ગણ દ્વારા ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





# મોરબી જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા યોજાઈ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારધીની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયતની સામાન્ય સભા યોજવામાં આવી હતી.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં બાકી રહી ગયેલ વિવિધ સમિતિની રચના કરવામાં આવી હતી તથા વર્ષ ૨૧-૨૨, ૨૨-૨૩,૨૩-૨૪ના સ્વભંડોળના કાર્યોને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. રેતી રોયલ્ટી તેમજ હેતુફેરની કામગીરીને સૈદ્ધાંતિક વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. તેમજ મોરબી જિલ્લા પંચાયત દ્વારા બૂકનું વિમોચન કરવામાં આવ્યું હતું જેમાં મોરબી શાખાની બધી આંકડાકીય માહિતી તેમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વધુમાં કોંગ્રેસ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે ટંકારામાં ખેતરોમાં અને તળાવોમાં આડેધડ પવનચક્કી અને વીજપોલ નાખવામાં આવે છે તેવા મીડિયા દ્વારા પૂછવામાં આવેલ સવાલોના જવાબમાં ડીડીઓ જાડેજા દ્વારા જણાવ્યું હતુંકે ખેડૂતોને પડતી તમામ મુશ્કેલીઓ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

# રાજુલાના ભચાદર ગામે જળ વ્યવસ્થાપન થકી જળ સંરક્ષણની ગ્રામ્ય સ્તરીય કાર્ય શિબિરનુ આયોજન કરાયુ





**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા તાલુકાના ભચાદર ગામે બે દિવસીય ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડના સહયોગથી અને CSPC સંસ્થા દ્વારા જળ વ્યવસ્થાપન થકી જળ સંરક્ષણની ગ્રામ્ય સ્તરીય કાર્ય શિબિરનું આયોજન કરવામા આવ્યુ હતુ આ કાર્યક્રમમા પશુપાલન,ખેતી, ઘરવપરાશ વગેરેમાં જેટલું પાણી વપરાય છે તેની સામે ગામમાં વરસાદનું પાણી આવે છે તેમજ પાણીના આવક સામે જાવકનું સરવૈયું બનાવવામાં આવેલ અને ખેડૂતભાઈઓને ખેતીના પાકોમાં પાણી બચાવી શકાય તેવી પદ્ધતિ,ડ્રીપ,ટપક,લેજર પિયત,મોસ્યાર મીટરનો ઉપયોગ તેમજ એક પાટલે પિયત પદ્ધતિ અપનાવે તેમજ જે જે પાકોમાં પાણીની ઓછી જરૂરિયાત જણાય તેવા પાકોનું વાવેતર કરવું વગેરે બાબતો વીશેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમેજ ઓર્ગેનિક ખેતી તરફ લોકો આગળ વધે અને પોતાનું અને જમીનનુ સ્વાસ્થ્ય સુધારવા માટે ખેડૂતભાઈઓને માહિતી આપેલ આ કાર્ય શિબિરમાં બહોળી સંખ્યામા ભચાદર ગામના જાગૃત નાગરિકો,મહિલાઓ તેમજ ભચાદર ગામના સરપંચ અને પંચાયતના સભ્યો ઉપસ્થિત રહી બે દિવસ સહકાર આપ્યો હતો તેમજ રાજુલા CSPC સંસ્થાના ક્લસ્ટર મેનેજર અનુરાગ ચતુર્વેદીના માર્ગદર્શન અને ગામના લોકો સાથે બે દિવસ રહીને સંસ્થાના પ્રતિનિધિઓ જયેશ મારું,મનોજ મોરી,શાંતિલાલ પરમાર,જશુભાઈ બોરીચા,વિપુલભાઈ ધાખડા,ખોડુભાઈ ધાખડા અને સાદુલભાઈ રામ,પારૂલબેન વાણીયા,દેવાણી ધ્રુવીશાબેન,સહિત સીએસપીસી સંસ્થાના કર્મચારી દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવેલ.

# મોરબી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે ચંદ્રિકાબેન કડીવારની વરણીને આવકારતું શૈક્ષિક મહાસંઘ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લામાં ૫૯૫ સરકારી શાળાઓ અને ૩૪૦૦ જેટલા શિક્ષકો એક લાખ જેટલા વિદ્યાર્થીઓના વિકાસ અને વ્યસ્થાપન માટે કાર્યકરતી સંસ્થા એટલે જિલ્લા શિક્ષણ સમિતિ, આ સમિતિ નીતિ વિષયક નિર્ણયો લઈ શાળાઓની ભૌતિક સંસાધનોથી સજ્જ થાય, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ થાય એવા શુભાષયથી કામ કરતી સમિતિના ચેરમેન તરીકે ચંદ્રિકાબેન નથુભાઈ કડીવાર અને અન્ય સભ્ય તરીકે જાહિર અબ્બાસ યુસુફભાઈ શેરસિયા, મેરાભાઈ વિઠ્ઠલાપરા, અજયભાઈ લોરીયા, અને કો.ઓપ્ટ સભ્ય તરીકે બલભદ્રસિંહ ઝાલા, અને જેસંગભાઈ હુંબલ વગેરેની વરણી થતા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આવકારમાં આવી છે,જિલ્લા શિક્ષણ સમિતિ અને મહાસંઘ



સાથે મળી બાળકોના હિતમાં કામ કરવા શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી છે એમ દિનેશભાઈ વડસોલા અધ્યક્ષ અને કિરણભાઈ કાચરોલાની યાદીમાં જણાવાયું છે.


# મોરબી OSEM CBSE સ્કુલના કોમર્સના વિદ્યાર્થીઓએ કોર્પોરેટ ડેની કરી ઉજવણી

## વિદ્યાર્થીઓને સૈધ્ધાંતિક જ્ઞાન સાથે પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુસર અનેરુ આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ની સૌપ્રથમ CBSE સ્કુલ OSEM CBSE ખાતે કોમર્સ ના વિદ્યાર્થીઓ દ્વારા કોર્પોરેટ ડે નુ આયોજન કરવા માં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓને સૈધ્ધાંતિક જ્ઞાન સાથે પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુસર આયોજીત કોર્પોરેટ ડે માં બહોળી સંખ્યા માં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા કોમર્સ ના વિવિધ વિષયોને લગતા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન્સ રજુ કર્યા હતા, તે ઉપરાંત વિદ્યાર્થીઓમાં માર્કેટીંગ કૌશલ્ય નો વિકાસ





થાય તે માટે પ્રોડક્ટ સેલીંગ યોજાયુ હતુ તેમજ ગૃપ ડીશક્શન-સ્ટ્રેટ ઈન્ટરવ્યુ સહીત ના કાર્યક્રમો યોજાયા હતા. તમામ કેટેગરી ના પ્રેઝન્ટેશન ના અંતે વિજેતા વિદ્યાર્થીઓને મેડલ્સ એનાયત કરી પ્રોત્સાહિત કરવા માં આવ્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત કોર્પોરેટ ડે ના સફળ આયોજન બદલ સંસ્થા ના ટ્રસ્ટી સુમંતભાઈ પટેલ , સિધ્ધાર્થભાઈ રોકડ, સુર્યરાજભાઈ જેઠવા, સંસ્થા ના પ્રિન્સિપાલ શ્રીમતિ દીપા મેડમ, H.O.D. નિર્મિતભાઈ કક્કડ, કોમર્સ વિભાગ ના અંકિતા મેડમ, દીપીકા મેડમ, જતીન સર, વિક્રમ સર સહીતનાઓએ વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભકામના પાઠવી હતી.

# કેન્દ્રીય રાજ્ય મંત્રી ડો. મહેન્દ્ર મુંજપરાના અધ્યક્ષસ્થાને હળવદ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

## આયુષ્યમાન કાર્ડ એ વિશ્વમાં મોટામાં મોટી વિમા યોજના છે-ડો. મહેન્દ્ર મુંજપરા

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** સમગ્ર દેશનો ખૂણે ખૂણો વિકસિત બને અને સામાન્ય તેમજ જરૂરિયાતમંદ એમ દરેક લોકો સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ ઘર આંગણે જ મેળવી શકે તે માટે સરકાર દ્વારા વિકસિત ભારતના સંકલ્પ યાત્રા રથની શરૂઆત કરવામાં આવી છે. જે અન્વયે કેન્દ્રીય મહિલા અને બાળ સુરક્ષા અને આયુષ મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રીશ્રી ડો. મહેન્દ્ર મુંજપરાના અધ્યક્ષસ્થાને હળવદ શહેરમાં રાજોધરજી હાઈસ્કુલના આંગણમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ લોકકલ્યાણી યોજના સાથે પહોંચીને લોકોને વિવિધ યોજનાથી લાભાન્વિત કર્યા હતા.

આ પ્રસંગે ડો. મહેન્દ્ર મુંજપરાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું એક સ્વપન છે કે આપણો દેશ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બને. આપણે સૌ આરોગ્ય, શિક્ષણ, ખેતી વગેરે જેવા દરેક ક્ષેત્રમાં વિકસિત બનીએ અને ભારતની માથાદીઠ આવક વધે તે માટે પ્રયાસ કરી રહ્યા છીએ. આજે આ સેવાસેતુ પોગ્રામ આપણા ઘરઆંગણે પહોંચ્યો છે, તેનો સૌ લોકોએ મળીને લાભ લેવાનો છે, કારણ કે આયુષ્માન કાર્ડએ એકપણ રૂપિયો ખર્ચ કર્યા વગરની દુનિયાની સૌથી મોટામાં મોટી વિમા યોજના છે, આજે આ આયુષ્માન યોજનામાં દેશનાં ૧૨ કરોડથી વધારે ઘર જોડાઈ ગયા છે અને ૫૫ કરોડથી વધુ લોકો તેનો લાભ મેળવી રહ્યા છે. આ યોજના ૧૯૪૯ પ્રકારના રોગો સહિત ૨૭ પ્રકારની સ્પેશ્યાલિટી ટ્રીટમેન્ટ આપે છે.





આ ઉપરાંત, ડો. મહેન્દ્ર મુંજપરાએ પ્રધાનમંત્રી ફંડ, પી.એમ. ભારતીય જનઔષધિ પરિયોજના, ઉજ્જવલા યોજના, પી.એમ. વિશ્વકર્મા યોજના, પંડિત દિનયાળ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી, પ્રધાનમંત્રી આવાસ યોજના વગેરે જેવી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ધારાસભ્યશ્રી પ્રકાશભાઈ વરમોરાએ જણાવ્યું હતું કે, હળવદ એક દિવાદાંડી બનતું શહેર છે. આપણે નાની મોટી બદીઓને દૂર કરી ઊંચાઈ પકડવાની છે. આપણે સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસ થકી પુર્ણ વિકસિત ભારતના સપનાને સાકાર કરવું છે.

આ કાર્યક્રમ અન્વયે 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતે મેળવેલ વિવિધ સહાયની ગાથા રજૂ કરી હતી. આ સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ તેમજ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ કીટ, ધાત્રી માતાઓને પોષણ કીટ, પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીને ઘરની ચાવી સહિત વિવિધ યોજનાઓની સહાય વિતરણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકર્ડ કરેલો સંદેશો સાંભળી ભારતની વિકાસ યાત્રાને પ્રદર્શિત કરતી પ્રદર્શન ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા સૌ લોકોએ વિકસિત ભારત માટેના શપથ લઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયાં હતાં.

કાર્યક્રમ સ્થળે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ઉભા કરાયેલા પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ વિનામૂલ્યે આરોગ્યની તપાસનો સ્ટોલ ઉપરાંત ઉજ્જવલા યોજના, પશુપાલન વિભાગ, લીડ બેંક વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. તેમજ નવમાં તબ્બકાનો હળવદ શહેરનો સેવાસેતુ કાર્યક્રમ પણ આ સાથે યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન હળવદ શહેરમાં વિવિધ સેવાકિય કાર્યક્રમ કરતી સંસ્થાઓને મહાનુભવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સમગ્ર મહાનુભાવો દ્વારા રાજોધરજી હાઈસ્કુલના આંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી ડો. મહેન્દ્ર મુંજપરા, ધારાસભ્યશ્રી પ્રકાશભાઈ વરમોરા, મોરબી જિલ્લા કલેક્ટરશ્રી જી.ટી. પંડ્યા, પુર્વ ધારાસભ્યશ્રી પરષોત્તમભાઈ સાબરીયા, હળવદ તાલુકા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણભાઈ સરાવાડીયા, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સંદિપ વર્મા, હળવદ નગરપાલીકાના ચીફ ઓફિસરશ્રી તુષારભાઈ ઝાલરીયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી મેહુલભાઈ સિંધવ, હળવદ માર્કેટીંગ યાર્ડના ચેરમેનશ્રી રજનીભાઈ સંઘાણી, અગ્રણીશ્રીઓ બિપિનભાઈ દવે, રણછોડભાઈ દલવાડી, અજયભાઈ રાવળ, મનસુખભાઈ, ધરમેન્દ્રસિંહ ઝાલા, સહિતના વિવિધ અધિકારીશ્રીઓ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં હળવદના શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કોઈના આંખના આસુંને હરખમાં ફેરવી શકીએ તો માનવું કે આપણે ન્યાલ થઈ ગયા : દેવેન રબારી

## સામાજિક, શૈક્ષણિક, સેવાકીય પ્રવૃત્તિઓ થકી દેશભક્તિને ઉજાગર કરતા દેવેનભાઈ રબારીએ પોતાના જન્મદિવસે શ્રેષ્ઠ જીવન જીવવાની શૈલીને વર્ણવી

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** કોઈની આંખોમાંથી ટપકતા દુખના આંસુને, હરખના આંસુમાં ફેરવી શકો ને તો સમજવું કે, આ ધરતી પર આપણો ધક્કો વસૂલ છે.બાકી સ્વાર્થ ખાતર તો પશુ પણ જીવે જ છે. તેવું મોરબી યંગ ઇન્ડિયા ગ્રુપના મેન્ટોર દેવેનભાઈ રબારીએ જણાવી પોતાના જન્મદિવસે શ્રેષ્ઠ જીવન જીવવાની જીવનશૈલીને વર્ણવી છે. જેમાં આમ તો જન્મદિવસ આવે એટલે જીવનનું એક વર્ષ ઓછું થયું ગણાય. પણ એ જન્મદિવસે આપણે કેટલું જીવ્યા ? કેવી રીતે અને કોને કોને ઉપયોગ થઈને જીવ્યા ? તેના સંસ્મરણો વાગોળવામાં આવે છે.ખાસ કરીને જન્મદિવસે દરેક માણસને મિત્રો,કુટુંબીજનો શુભેચ્છાઓનો ધોધ વરસાવતા હોય છે.

દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું કે,મને કરસદાન માણેકની એક પ્રેરણાદાયી કાવ્ય પંકિત યાદ આવે છે કે '' જીવન અંજલિ થાજો, મારુ જીવન અંજલિ થાજો.'' કહેવાનો તાંતપર્ય એ છે કે, આપણું જીવન અગરબત્તી જેવું હોવું જોઈએ. અગરબત્તી જાતે જ બળીને બીજાને સુગંધ આપે છે. એજ રીતે આપણે એક માણસ તરીકે બીજાને ઉપયોગી થઈને જીવન જીવીશું તો




આપણા જીવનમાં કોઈ ભય, ચિંતા નહિ રહે. આજ પવિત્ર ધ્યેય સાથે જ્યારથી હું સમાજણો થયો ત્યારથી જ જીવનની સફર એક પોઝીટીવ ઉર્જા સાથે શરૂ કરી.જેનું પરિણામ આપ સહુની નજર સામે છે.

હું યુવા વયે પ્રબળ દેશભાવના સાથે પોલીસ દળમાં જોડાયો, પોલીસની નિષ્ઠાપૂર્વક ફરજ સાથે સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના સાથે યંગ ઇન્ડિયા ગ્રુપ શરૂ કરું. યંગ ઇન્ડિયા ગ્રુપની વિચારધારા પણ સ્પષ્ટ હતી. જો કે આપણે લશ્કરી જવાનની જેમ બોર્ડર ઉપર લડીને દેશસેવા ન કરી શકીએ તો પણ એક આદર્શ નાગરિક બનીને પણ દેશસેવા કરી શકીએ છીએ, આજ યંગ ઇન્ડિયા ગ્રુપની વિચારધારા છે.

આજના યુગમાં આદર્શ નાગરિક બનવું પણ કઠિન છે.ખાસ કરીને આજની ભગદોડ ભરી જીવનશૈલીમાં આપણે પરિવાર માટે પણ બે ઘડી ટાઈમ કાઢી શકતા નથી ત્યારે સમાજને ઉપયોગી થવાની વાત તો બાજુએ રહી.પણ જીવનમાં ઉત્સવો ઘણા આવે છે. જીવનની રોજબરોજની ઘટમાળમાંથી પણ ટાઈમ કાઢીને આપણે જાત જાતના ઉત્સવો ઉજવીએ છીએ. બસ આજ ઉત્સવોને યંગ ઇન્ડિયા ગ્રુપે નવીન પરંપરા થી ઉજવવાની પહેલ કરી.જેમાં સર્વધર્મ સંમભાવની વિચારધારાને જોડી દેવામાં આવી, નાત જાતના બંધન ઉપર ઉઠીને માત્ર ઇન્સાનીયતને ઉજાગર કરવી. યંગ ઇન્ડિયા ગ્રુપે દરેક ઉત્સવોને માત્ર જરૂરિયાત મંદ માણસોને ઉપયોગી થાય અને એમના ચહેરા ખુશીથી ખીલી ઉઠે એ રીતે ઉજવ્યા જેમકે દિવાળીઓ ની ઉજવણી અને દિવાળી ના દિપ એવા લોકો બાળકો સાથે પ્રગટાવ્યા જેમના ઘર માં તેલ નું ટીપુંય જોવા નથી મળતું. તેવા બાળકો ને ફટાકડા અને મીઠાઈ ના વિતરણ સાથે એમના હૃદય માં દિવાળી ઉજવી છે, વેલેન્ટાઈન ડે હોય જેને વાત્સલ્ય દિવસ તરીકે ઉજવી ઝોપડ પટ્ટી અને સરકારી શાળા ના બાળકો ને લક્ષ્યુરિયસ ગાડી માં મોરબી ની ગલીઓ ની શેર કરાવી ને મન ભાવતા ભોજનીયા કરાવ્યા છે, હોળી ના રંગો થકી અનાથ બાળાઓ ના સપનાઓ રંગ્યા છે, શ્રી રામ જન્મોત્સવ, નવરાત્રી, જન્માષ્ટમી, ઈદ, ક્રિસ્ટમસ, નાનક જયંતિ જેવા વિવિધ તહેવારો ની સવિશેષ ઉજવણી કરી છે. ''લોહી માં છે માનવતા'' અંતર્ગત કોઈના આકસ્મિક સમયે ૨૪સ૭ રક્તદાન મુહિમ ચલાવી છે, લોકડાઉન સમયે ૨ લાખ જેટલાં લોકો ના ઘરે ઘરે જઈને રાશન પૂરું પાડ્યું છે, કોરોના જેવી મહામારી માં બધા ધર્મ અને બધા સમાજના લોકો નું વિચારીને સમરસ કોવિડ કેર સ્થાપિત કરી હજારો લોકોના જીવ બચાવ્યા છે. આવા તો અસંખ્ય પ્રકલ્પોના ને સાકાર કરી જરૂરિયાતમંદ લોકો ના હૃદય માં આગવું સ્થાન હાસિલ કર્યું છે... કહેવાય છે ને કે ''હમ ચલતે ગયે ઓર કાંરવા બનતા ગયા'' ની જેમ આજે ઘણા લોકો યંગ ઇન્ડિયાની આ વિચારધારાથી પ્રભાવિત થઈને ઉત્સવોને ધન્ય બનાવી દીધા. આજે યંગ ઇન્ડિયા ગ્રુપ માત્ર મોરબીનું જ નહીં પણ ઘણા શહેરોનું રોલ મોડેલ બની ગયું છે એ વાતનું મને આજે મારા જન્મદિવસે વિશેષ ગૌરવ છે. જન્મદિવસે હું મારા કર્મને લીધે એક આદર્શ નાગરિક બની શક્યો એ વાતનું મને ગૌરવ છે. તેમ યંગ ઇન્ડિયા ગ્રુપના મેન્ટોર દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું.

# સિવિલ હોસ્પિટલની દવા બારી ભગવાન ભરોસે : દર્દીઓ પરેશાન





(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરની સિવિલ હોસ્પિટલ કોઇને કોઈ વાતે હંમેશા ચર્ચામાં રહી છે દર્દીઓને વગર કારણસર ધક્કા ખવડાવતી સરકારી હોસ્પિટલનું તંત્ર દિન પ્રતિ દિન બગડી રહ્યું છે આજે ફરી એકવાર જે બારી પરથી દવા મળી રહી છે તે દવા બારી ભગવાન ભરોસે હતી દવા દેવા માટે હોસ્પિટલમાંથી એક પણ સ્ટાફ દવાબારી પર હાજર ન હોવાથી દર્દીઓએ મોટી લાઈન લગાવી હતી કરીને બહારગામ થી આવતા દર્દીઓ માટે આ વાત પરેશાનીનું કારણ બની હતી ખરેખર જો દર્દી ની વ્યથા જાણવી હોય તો રાજ્યના આરોગ્ય મંત્રીએ એકવાર સરપ્રાઈઝ મુલાકાત લેવી જોઈએ.

## ઘરમાંથી રૂા.૯ લાખની મતાની ચોરી થયાની ચિંતામાં યુવાને કર્યો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જુનાગઢના વિજાપુરમાં રહેતા યુવકના ઘરે એક માસ પૂર્વે નવ લાખના દાગીના એને રોકડની ચોરી થઈ હતી જેની ચિંતામાં રહતે યુવકે ગઈકાલે પોતાના ઘરે એસીડ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

માહીતી અનુસાર જુનાગઢના વિજાપુર ગામમાં રહેતા મનિષભાઈ રમેશભાઈ કોદાવાલા (ઉ.૩૩) નામનો યુવાન ગઈકાલે પોતાના ઘરે હતો ત્યારે એસીડ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે પ્રથમ જુનાગઢ બાદ અત્રેની સિવિલ હોસ્પીટલે ખસેડાયો હતો. બનાવ અંગે યુવકે જણાવ્યું હતું કે, તેના છ માસ પહેલાં લગ્ન થયા હતા. જે બાદ તેમની પત્ની અને માતાના સોનાના દાગીના અને રોકડ રૂા.૪૦ હજાર તેમને ઘરની તિજોરીમાં રાખેલ હતી. એક માસ પહેલા તેના ઘરમાં ત્રાટકેલા તસ્કરોએ તમામ સોનાના દાગીના અને રોકડ રૂા.૪૦ હજાર મળી રૂા.નવ લાખની મતાની ચોરી કરી નાસી છુટયા હતા. જે બાદથી ચિંતામાં રહેતા યુવકે પગલુ ભર્યાનું સામે આવ્યુ હતું. બનાવ અંગે હાલ જુનાગઢ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સંત કબીર રોડ પર નંદુબાગ સોસાયટીમાં પરણીતાનો આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે સંત કબીર રોડ પર આવેલી નંદુબાગ સોસાયટીમાં રહેતી હિરલબેન જયદીપભાઇ પાટડીયા નામની મહિલાએ ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરે હતી ત્યારે કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા તેને તાત્કાલિક સારવાર અર્થે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હોવાનું તબીબોએ જાહેર કર્યું હતું બનાવનાર પગલે બી ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવતા એ.એસ.આઇ એન જી ભદ્રેચા સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી જાય પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

## જેતપુરના વેપારી પાસેથી રૂા. ૯૨.૮૮ લાખ નું કાપડ મગાવી સુરતના બે શખ્સોએ કરી છેતરપિંડી

**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુરમાં રહેતા વેપારી સાથે ધંધાકીય સંબંધ કેળવી સુરતના પિતા પુત્ર એ રૂપિયા ૯૨ ૮૮ લાખ નું કાપડ મંગાવી બાદમાં રકમ નહીં આપી છેતરપિંડી કરી વિશ્વાસઘાત કરતા ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુરમાં નવી લોહાણા વાડી સામે મોનારે એપાર્ટમેન્ટ માં રહેતા નિલેશભાઈ ઉર્ફે દકુભાઈ હીરાભાઈ દાગીયા નામના વેપારીએ જેતપુર સીટી પોલીસમાં સુરતનો જગદીશ ગોરધન માંડાણી અને તેનો પુત્ર મુકેશ જગદીશ માંડાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આ બંને પિતા પુત્રોએ ધંધાકીય સંબંધ કેળવી વિશ્વાસમાં લઈ ઉધારીમાં રૂપિયા ૯૨.૮૮ લાખ નું કાપડ મગાવી બાદમાં અનેક વાર ઉઘરાણી કરવા છતાં રકમ પરત નહીં આપી છેતરપિંડી કરી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવતા જેતપુર સીટી પોલીસના પીઆઇ એએમ હેરમા એ ગુનો નોંધી સુરતના બે શખ્સોની ધરપકડ કરવા તજવી જાત કરવામાં આવી છે.

## જામનગર રોડ પર મનહરપુરમાં પ્રેમ લગ્ન કરનાર યુવાન પર યુવતીના પિતા સહિત સાત શખ્સોનો ખૂની હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે જામનગર રોડ પર આવેલા મનહરપુર એક માં પ્રેમ લગ્ન કરનાર યુવાન પર યુવતીના પિતા સહિતના સક્ષોએ ખૂની હુમલો કરી યુવતીનું અપહરણ કરી લઈ જતા ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ જામનગર રોડ પર મનહરપુર એકમાં મફતિયાપરામાં રહેતો પિયુષ યોગેશભાઈ કોરિયા નમના યુવાને ફરિયાદ નોંધાવી છે જેમાં રવિ રાજ રવુભા ધાંધલ તથા રઘુભા ધાંધલ તથા સમજુ બેન રઘુભા ધાંધલ અને ઓમ દેવસિંહ તથા અજાણ્યા ત્રણ માણસો સહિતના વિરોધ ફરિયાદ કરી છે કે ધાંધલની દીકરી સાથે પ્રેમ લગ્ન કર્યા હોય જેનો ખાર રાખી આ તમામ શખ્સોએ ગેરકાયદેસર મંડળી રચી ઘાતક હથિયારો વડે ઘરમાં ઘૂસી જાય યુવાન પર છરીના આડેધડ ઘા જીકી તેની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો જ્યારે પ્રેમ લગ્ન કરનાર યુવતી નું તેના પરિવારજનો ઘરમાંથી અપરણ કરી લઈ ગયા હોય જે ફરિયાદ નોંધાવતા પીઆઇ બીપી રજીયાએ યુવતીના પરિવાર ના સાત સભ્યો વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ યાદ કરી છે.

## ગોંડલના ઘોઘાવદર ગામે વૃધ્ધાનો ગળાફાંસો ખાઈ આપઘાત

### ખોડિયારનગરની સગીરાએ એસિડ પી લેતા સારવારમાં રાજકોટ ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકાનાં ઘોઘાવદર ગામે રહેતા વૃદ્ધાએ પોતાનાં ઘરે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. બીજી ઘટનામાં ગોંડલમાં સગીરાએ એસિડ પી લેતા સારવાર માટે ખસેડવામાં આવી હતી. બનાવની વિગત મુજબ ઘોઘાવદર રહેતા શાંતાબેન જીવાભાઈ ડોબરિયા (ઉં.૭૬)એ બપોરનાં સુમારે પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈઆપઘાત કર્યો હતો. બનાવની જાણ થતા બાજુમાં રહેતા તેમના પુત્ર દોડી ગયા હતા અને માતાનાં મૃતદેહને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. શાંતાબેનને બે પુત્રો છે. જે પૈકી એક ઘોઘાવદર અને એક ગોંડલ રહે છે. બન્ને પુત્રથી શાંતાબેન અલગ રહેતા હતા. અપઘાતનાં કારણ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

બીજી ઘટનાની વિગત મુજબ ગોંડલના ખોડિયારનગર વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાએ પોતાના ઘરે બાથરૂમ સાફ કરવાનું એસિડ પી લેતા તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. તેના પિતા કડિયાકામ કરે છે અને સંતાનમાં ૩ દીકરી અને ૨ દીકરા છે. જેમાં આ સગીરા સૌથી મોટી છે. સગીરા બાથરૂમમાં ગઈ હતી અને બહાર નીકળી પોતાની માતાને જાણ કરી હતી કે, તેણે એસિડ પીધું છે. જેથી ગોંડલ સરકારી દવાખાનામાં દાખલ કરી હતી અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાઈ છે. પરિવાર કે સગીરા એસીડ પીવાનું કારણ ન જણાવતા હોય પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## દુધ સાગર રોડ પર ઈજાગ્રસ્ત મળી આવેલા વૃધ્ધનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં દૂધની ડેરી પાસેથી દશ દિવસ પૂર્વે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા વૃદ્ધનું સારવારમાં મોત નીપજતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.જ્યારે આ મામલે પોલીસ દ્વારા મોતનું ચોક્કસ કારણ જાણવા તેમના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ દૂધસાગર રોડ પર રબ્બાની કોમ્પ્લેક્સમાં બ્લોક નં.૧૮માં રહેતા મુસ્તાકભાઈ મહમદભાઈ હેમનાણી (ઉ.૪૭) ગઈ તા.૧૭ના સાંજના સમયે ઘરેથી નીકળ્યા બાદ મોડીરાત્રે તેમનો મામાનો પુત્ર મંસુર સમસુદીન મીસરીયા અને એક અજાણ્યો રિક્ષાચાલક તેમને ઈજાગ્રસ્ત હાલતમાં ઘરે મુકવા આવ્યા હતા જેથી મુસ્તાકભાઈને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.બનાવ અંગે થોરાળા પોલીસને જાણ થતાં સ્ટાફ હોસ્પિટલ પર દોડી આવ્યો હતો અને બનાવ શંકાસ્પદ જણાતા મૃતદેહને ફોરેન્સીક પીએમમાં ખસેડી કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

## જામનગરમાં કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં નાગરિકોએ તેમની ફરિયાદ માટે ઉચ્ચ કક્ષાએ જવું ન પડે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ દિવસનું દર માસના ચોથા ગુરૂવારે આયોજન કરવામાં આવે છે.જે કાર્યક્રમ જિલ્લા કલેકટર

બી.એ.શાહના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભા ખંડ ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં કલેક્ટરશ્રી સહિતના વિવિધ કચેરીઓના વડાઓએ નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો રૂબરૂ સાંભળ્યા હતા તેમજ તેનો હકારાત્મક ઉકેલ આવે તે માટેના પ્રયાસો હાથ ધરાયા હતા.આ કાર્યક્રમમાં અરજદારો દ્વારા માલિકીની જમીન પર અનધિકૃત દબાણ, રોડ રસ્તાના પ્રશ્નો, ગૌચર તથા સરકારી જમીનને લગતા પ્રશ્નો, જમીન માપણીને લગતા પ્રશ્નો, માલિકીના પ્લોટ, મકાન સહિતના મહેસુલને લગતા વિવિધ પ્રશ્નો વગેરે અંગે રજૂઆત કરી હતી. જે પ્રશ્નો તથા તે અંગેની વિગતો સાંભળ્યા બાદ લગત વિભાગોને સત્વરે તેનો ઉકેલ લાવવા કલેકટર દ્વારા ઉપસ્થિત કચેરીઓના વડાઓને સૂચન કરાયું હતું.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, પ્રાંત અધિકારી જામનગર શહેર તથા ગ્રામ્ય, સંલગ્ન વિભાગોના અધિકારીઓ તથા કાલાવડ, લાલપુર, ધ્રોલ, જામજોધપુર, જોડિયા, ખાતેથી પણ પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ સહિતના વિભાગોના અધિકારીઓ વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વકર્મા ફાઉન્ડેશન દ્વારા રાજકોટમાં લુહાર કન્યા છાત્રાલયનો નવા સત્રથી થશે પ્રારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં સમસ્ત લુહાર સમાજની અભ્યાસ કરતી દીકરીઓ માટે હાલની જરૂરિયાત ધ્યાનમાં લઇ રાજકોટ ખાતે સૌ પ્રથમ વાર લુહાર કન્યા છાત્રાલય શરૂ કરવામાં આવનાર છે. લુહાર જ્ઞાતિની અભ્યાસ કરતી દીકરીઓ માટે આગામી વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના નવા સત્રથી એડમીશન આપવામાં આવશે.રાજકોટ આજુ બાજુના વિસ્તારમાં લુહાર સમાજની દીકરીઓને શિક્ષણ માટે હાલ છાત્રાલયની તીવ્ર જરૂરિયાત દિનબદિન વધતી જાય છે. આ જરૂરિયાતને ધ્યાનમાં લઇ વિશ્વકર્મા ફાઉન્ડેશન -રાજકોટ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો કે રાજકોટ ખાતે લુહાર કન્યા છાત્રાલયની શરૂઆત કરવી.

સાંપ્રત સમયમાં જયારે ભણતર એ કોઇપણ વ્યક્તિ માટે પાયાની જરૂરિયાત બની ગયેલ છે એવા સમયે લુહાર સમાજની દીકરીઓ માટે શિક્ષણનું હબ એવાં રાજકોટ મુકામે કન્યા છાત્રાલયનું શરૂઆત થવા જઈ રહી છે. લુહાર સમાજની દીકરીઓ ઉચ્ચતર અભ્યાસ થકી પોતાના પરિવારનું પોતાના સાસરિયાંનું અને સમાજનું નામ રોશનકરે એવા ઉજળા ભવિષ્ય માટેનું સ્વપન રાખી ને રાજકોટ મુકામે તેમનાં માટે એક અદ્યતન કન્યા છાત્રાલયનું સ્વપન સાકાર થવા જઈ રહ્યુ છે. આપણી દિકરી આપણું ગૌરવ એ સૂત્ર ને ખરાં અર્થમા સાર્થક ત્યારે જ બનાવી શકાય કે જયારે દિકરી ભણી ગણીને આગળ આવે.

વિશ્વકર્મા ફાઉન્ડેશન રાજકોટના પ્રમુખ પરેશભાઈ દાવડા તેમજ ટ્રસ્ટી મંડળ દ્વારા જણાવ્યું હતું કે લુહાર સમાજની દીકરીઓ માટે રાજકોટ ખાતે છાત્રાલયની સગવડતા મળશે તો વધુમાં વધુ સમાજની દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકશે અને જયારે સરકાર પણ બેટી બચાઓ, બેટી પઢાઓના નારા સાથે કામ કરી રહી છે ત્યારે લુહાર સમાજની દીકરીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાના કુટુંબ અને સમાજનું નામ રોશન કરશે. આ કાર્ય માટે વિશ્વકર્મા ફાઉન્ડેશન રાજકોટના પ્રમુખ,ઉપપ્રમુખ, મંત્રી તેમજ ટ્રસ્ટી મંડળ,કારોબારી સભ્યો ભગીરથ પ્રયાસ કરી રહ્યા છે. અભ્યાસ કરતી સમાજની દીકરીઓમાં ના વાલીઓ એડમિશન માટે સંપર્ક કરવા નમ્ર વિનંતી.વધુ વિગત માટે ૭૬૦૦૦ ૦૦૬૮૮ ઉપર સંપર્ક કરવો.

## જામનગર શહેરમાં વીજ ચેકીંગ દરમિયાન ૮૪ કનેકશનોમાં ચોરી પકડાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પીજીવીસીએલની લગભગ ૫૦ ટીમો દ્વારા વિજ ચોરી પકડવા કાર્યવાહી થઇ રહી છે ત્યારે જામનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૮૪ વિજ કનેકશનોમાંથી વિજ ચોરી પકડાતા રૂા.૩૯ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.વીજ કંપની દ્વારા જામનગર શહેર તથા સર્કલનાં ખંભાળીયા પંથકમાં પાવર ચોરી ઝડપી લેવા માટે ચેકિંગ કામગીરી કરવામાં આવી હતી. જેમાં રૂપિયા ૩૯.૯૫ લાખની પાવર ચોરી ઝડપી લેવા મા આવી હતી.જામનગર પીજીવીસીએલ કચેરી દ્વારા પાવર ચોરી ઝડપી લેવા ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં કુલ ૪૮ ટીમ દ્વારા જામનગર શહેરનાં કાલાવડ નાકા બહાર, ઘાંચીની ખડકી, સનસિટી, ઢિચડા, સુભાષ પાર્ક, શંકર ટેકરી વગેરે વિસ્તારમાં તેમજ ખંભાળીયા પંથકમાં ૪૮૧ વીજ જોડાણો તપાસવામાં આવ્યા હતાં. તેમાંથી ૮૪ વીજ જોડાણોમાં ગેરરીતિ માલૂમ પડતા તેના આસામીઓને રૂપિયા ૩૯.૯૫ લાખના વીજ બિલ આપવામાં આવ્યા હતા.

## મોરબીના ખોખરા રોડ ઉપર વીજ તારને અડકી જતા કન્ટેનર સળગ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**



એસ્ટિસ સિરામિક સામે વીજળીના તાર નીચે આવી ગયા હોવાથી તંત્રની બેદરકારીના કારણે અવાર નવાર આવી ઘટના સર્જાય છે.

મોરબીના બેલા ગામથી ખોખરા ગામ જતા મુખ્ય રોડ ઉપર વીજળીના જીવતા તાર સાવ નીચે આવી ગયા હોય એક કન્ટેનર વળાંક વળવા જતા વીજ તાર સાથે અડી જતાં કન્ટેનર ટ્રક સળગી ઉઠ્યો હતો.

બનાવ અંગે સ્થાનિકો પાસેથી જાણવા મળતી વિગતો પ્રમાણે બેલા ગામથી ખોખરા ગામ જતા મુખ્ય રોડ ઉપર છેલ્લા લાંબા સમયથી વીજળીના જીવતા તાર સાવ નીચે આવી ગયા છે. ત્યારે અહીંથી પસાર થઈ રહેલ એક કન્ટેનર વિજતારને અડી જતા કન્ટેનર ભડભડ સળગી ઊઠ્યું હતું અને કન્ટેનર ચાલકનો જીવ બચ્યો હતો.

## જામનગરમાં દારૂ પીને કાર ચલાવતો વેપારી પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં એક વેપારી દારૂ પીને કાર ચલાવતા પકડાઇ . આ બનાવની વિગત એવી છે કે, સીટી-એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ સાધના કોલોની વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે લાલપુર બાયપાસ તરફથી આવતી કિયા કાર રજીસ્ટ્રેશન નં.જીજે-૦૩ એનબી-૫૭૫૩નો ચાલક રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે સર્પાકાર કાર ચલાવી રહ્યો હોવાનું જણાતા પોલીસે તેને રોકી તપાસ કરતા કેફીપીણું પીધેલ હોવાનું જણાતાં તેનું નામ પૂછતાં તેણે પોતાનું નામ વિમલ પ્રવિણભાઇ નંદા (ઉ.વ.૪૪-ધંધો ઇમ્પોર્ટ-એક્સપોર્ટ, રહે.દિ.પ્લોટ-૭, મશરૂના દવાખાના પાસે,જામનગર) થથરાતી જીભે જણાવ્યું હતું જેથી પોલીસે રૂા.દસ લાખની કીયા કાર કબ્જે કરી તેની વિરૂધ્ધ એમ.વી.એકટ ૧૮૫ અને પ્રોહિબીશન કલબ ૬૬(૧)બી મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મોરબી પોલીસે વધુ એક બુટલેગર વિરુદ્ધ પાસાનું શસ્ત્ર ઉગામ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી:ઇગ્લીશ દારૂના ગુન્હાઓમા અવાર નવાર પકડાયેલ ઇસમની મોરબી સીટી એ ડિવિઝન પોલીસે પાસા તળે અટકાયત કરી પોરબંદર જેલ હવાલે કરાયો છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી સાહેબની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલાના માર્ગદર્શન હેઠળ મોરબી શહેરમાં અસામાજીક તત્વોની પ્રવૃતીઓને ડામવા સુચના થતા મોરબી સીટી એ ડિવીઝન પો.સ્ટે. વીસ્તારમાં અવાર નવાર ઇગ્લીશદારૂ ના ગુન્હાઓમા પકડાયેલ અસામાજીક આરોપી રૂષીરાજસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા વિરૂધ પાસાની દરખાસ્ત કરવામા આવેલ જે અન્વયે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને કલેક્ટર એ પાસા દરખાસ્ત મંજુર કરી પાસા વોરંટ ઇસ્યુ કરતા આરોપી રૂષીરાજસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા રહે.મોરબી વાવડીરોડ સોમૈયા સોસાયટી હાલ રહે.મોરબી શકતશનાળા નીતીનનગર વાળાની અટકાયત કરી પાસા વોરંટની બજવણી કરી પોરબંદર જેલ હવાલે કરવામા આવેલ છે.

# વિસાવદરમાં શાળાએ જતી વિદ્યાર્થીનીનું અપહરણ: પોલીસે મુકત કરાવી

## એક તરફી પ્રેમમાં પાગલ શખ્સે મિત્ર સાથે મળી અપહરણ કર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



વિસાવદરમાં શાળાએ જતી ધોરણ ૧૧ ની છાત્રાનું તેની બહેનપણીની નજર સામે જ બે ઈસમોએ કારમાં અપહરણ કરીને ઉઠાવી ગયાની ઘટનાની જાણ પોલીસને થતા પોલીસે તાકીદે કારને ટ્રેક કરીને બંને ઈસમોને ઝડપી લીધા અને સગીરાને મુક્ત કરાવી હતી.

આ અંગે ડીવાયએસપી હિતેષ ધાંધલીયાએ જણાવ્યું કે, વિસાવદરના રહેતા એક પરિવારની ૧૬ વર્ષ ૪ મહિનાની દીકરી જે ધોરણ ૧૧ માં અભ્યાસ કરે છે, તેણી શાળાએ જવા માટે બહેનપણી સાથે ચાલીને જતી હતી, ત્યારે રસ્તામાં જૂની મેઈન બજાર પાસે અચાનક કારમાં આવેલા બે શખ્સોએ સગીરાનું અપહરણ કરીને ઉઠાવી ગયા હતા. આ અંગે સગીરાના પિતાએ પોલીસને જાણ કરતા પી. આઈ.આર.બી.ગઢવી સહિતના સ્ટાફે તપાસ શરુ કરી હતી. અને જે સ્થળેથી અપહરણ થયેલું તેની આજુબાજુના સીસીટીવી ફૂટેજ તપાસી કાર નંબર મેળવી કાર અને મોબાઈલ નંબર ટ્રેક કરીને કારને રાજકોટના લોધિકા પાસેથી પકડી પડી હતી, તપાસમાં જૂનાગઢનો મધુરમમાં રહેતો જય મયુર સુખાનંદી નામનો યુવક સગીરા સાથે વોટ્સઅપમાં વાત કરતો હતો, અને એકતરફી પ્રેમ કરતો હતો. ત્યારે સગીરાની મરજી વિરુધ્ધ તેણીનું જય સુખાનંદીએ પોતાના મિત્ર રિયાઝ સલીમ નાગોરી સાથે મળીને અપહરણ કરીને ઉઠાવી ગયા હતા.

અને પોલીસને ગેરમાર્ગે દોરવા માટે કારને લોધિકા તરફ મોકલી દીધી અને પોતે સગીરાને લઈને જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર આવેલા એક એપાર્ટમેન્ટમાં રોકાઈ ગયા હતા, પોલીસને આ બાબતની જાણ થતા ઝાંઝરડા રોડ પરથી સગીરાને શોધી કાઢીને મુક્ત કરાવી હતી, હાલ પોલીસે સગીરાનું અપહરણ કરનાર બને શખ્સોને કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં ગોંડલ દરવાજા પાસે ૯૩૬ બિયરના ટીન સાથે બુટલેગર ઝડપાયો, વધુ એક શખ્સની શોધખોળ

## રૂરલ એલસીબી ની ટીમે જેતપુરના ચોરાવાડ વિસ્તારમાં વિદેશી દારૂની ૩૬ બોટલ અને ૨૩૦ બિયર સાથે શખ્સની કરી ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**




રાજકોટ ગ્રામ્યમાં થર્ટી ફર્સ્ટ ના તહેવારો પૂર્વે બુટલેગરો સક્રિય બન્યા હોય જેથી પોલીસે પણ વોચ ગોઠવી બુટલેગરો પર ધાસ બોલાવી છે ત્યારે જેતપુરમાં બે અલગ અલગ દરોડા માં બે સ્થળોએથી વિદેશી દારૂ બિયર નો જથ્થો ઝડપી લઇ બે શખ્સોની ધરપકડ કરી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ જેતપુર સીટી પોલીસના એએસઆઈ કેબી ચાવડા તથા કોન્સ્ટેબલ મહિપાલસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે જેતપુરના ગોંડલ દરવાજા પાસે આવીયા શેરી માં દરોડો પડતા બિયરના ટીન નંગ ૯૩૬ કિંમત રૂપિયા ૯૩,૬૦૦ સાથે અમીર ઉર્ફે સોમલો કાસમ ચિતલીયા નામના શખ્સની ધરપકડ કરી હતી બિયરનો જથ્થો ક્યાંથી આવ્યો એ અંગે પૂછપરછ કરતા જેતપુરમાં રહેતો પરાગ હરકિશન અલસાણી નામનો શખ્સ આપી ગયાની કબૂલાત આપતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે જ્યારે અન્ય બનાવમાં રૂરલ એલસીબી ટીમના પીઆઇ વી વી ઓડેદરા ની સૂચનાથી પી.એસ.આઇ ડી જે બળવા સહિતનો સ્ટાફ જેતપુર ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોરાવાળા વિસ્તારમાં દરોડો પડતા સાહિલ અબુ મુસાણી નમનાર સખના રેણાક મકાનમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ અને બિયર ના ટીન નંગ ૨૩૦ મળી આવતા પોલીસે ૭૨,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી સાહિલ ની ધરપકડ કરી છે.

# લીંબડી-લખતર રોડ પર કાર ખાડામાં ખાબકતા રાજકોટના બે પિતરાઈ ભાઈના મોત

## લીંબડીથી પટોળા ખરીદ કરી પરત આવતી વેળાએ કાળ ભેટયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**







લીંબડી-લખતર હાઇવે ઉપર ધાધરેટિયા ગામ પાસેના પાણી ભરેલા ખાડામાં કાર ખાબકી હતી જેમાં રાજકોટના બે હતા. પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી, તપાસ કરતા કારમાં પિતરાઈ ભાઇઓના પાણીમાં ડૂબી જવાથી, ગુંગડાઈ જવાથી મોત નિપજ્યા હતા. રાહદારીએ અકસ્માતગ્રસ્ત કારને જોતા પોલીસ અને ઈમરજન્સી સેવા ૧૦૮ને કોલ કર્યા બે યુવાનોના મૃતદેહ મળી આવ્યા હતા.

મૃતક બંને યુવાનો સગામાં પિતરાઇ ભાઈઓ થતા હોવાનું અને રાજકોટમાં રહેતા હોવાનું તેમજ પટોળાની ખરીદી માટે લીંબડીના ગામોમાં આવીને પરત રાજકોટ જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો.લીંબડી તાલુકાના ઉઘલ ગામ વતની અને હાલ રાજકોટ એસઆરપી કેમ્પની બાજુમાં હાઉસિંગ ક્વાર્ટરમાં રહેતાં જયેશભાઈ ઈશ્વરભાઈ મારૂ (ઉ.વર્ષ ૩૦) તથા નવાગામ અણંદપુર સોમનાથ રેસીડન્ટ રાજકોટ ખાતે રહેતાં અશોકભાઈ વશરામભાઈ મારૂ (ઉ.વર્ષ ૪૦ )જે બન્ને સગા કાકા દાદાના ભાઈઓ પટોળાની ખરીદી કરવા માટે રાજકોટથી લીબડી તાલુકાના લક્ષ્મીસર, તાવી, શીયાણી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં આવ્યા હતા. જ્યારે તેઓ પટોળાની ખરીદી કરીને રાત્રિના સમયે રાજકોટ પરત ફરી રહ્યા હતાં. તે સમયે ધાધરેટીયા નજીક તેમની કાર પાણી ભરેલા ખાડામાં ખાબકતા અકસ્માત સર્જાયો હતો.જ્યારે આ બનાવની જાણ વહેલી સવારે ત્યાંથી પસાર થતાં રાહદારીઓને થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ તથા લીંબડી પોલીસને કરીને તેમની કારને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ તેમની કાર નો સ્ટિયરિંગ લોક થઈ જતાં કાર ના દરવાજા ખુલ્યા ન હતાં. દરવાજાના કાચ તોડીને બન્ને ભાઈઓને બહાર કાઢતાં બન્ને મૃત અવસ્થામાં જોવા મળ્યા હતા. જેથી પોલીસે ઘટના સ્થળે પહોંચી બન્ને ભાઈઓની ડેડબોડીને પીએમ અર્થે લીબડી સરકારી

હોસ્પિટલમાં મોકલી આપવામાં આવી હતી. તેમજ આ બનાવની જાણ તેમના પરિવાર જનોને થતાં પરિવારજનો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. અને પરીવાર જનોમા શોકનું મોજું ફરી વળ્યું હતું.

# આલેલે..: દ્વારકા પોલીસની વાન લઈ તસ્કર રફુચકકર થઈ ગયો

## ગાંધીધામના તસ્કરને પોલીસે જામનગરથી દબોચી લીધો





**મુખ્ય સમાચાર, જામનગર**

દેવભૂમિ દ્વારકા ખાતે પોલીસની એક બોલેરો કારની ઉઠાંતરી થઈ હતી, જે બોલેરો ચોરી કરીને ભાગી રહેલા ગાંધીધામના શખ્સને પોલીસે જામનગર ખાતેથી દબોચી લીધો હતો. આમ પોલીસ સ્ટેશન માંથી પોલીસ ની જ જીપ ની ઉઠાંતરી નાં બનાવે ભારે ચર્ચા જગાવી છે. દ્વારકાના પોલીસ બેડામાં ભારે ચારચાર જગાવનારા પોલીસના વાહનની ચોરીના આ બનાવની વિગત મુજબ દ્વારકા પોલીસ મથકની જી.જે. ૧૮ જી.બી. ૭૨૬૯ નંબરની સરકારી બોલેરો જીપ પોલીસ મથકના કમ્પાઉન્ડમાં રાખવામાં આવી હતી, જે સવારે આશરે ૮.૧૫ વાગ્યાના સમયે કોઈ શખ્સ ચોરી કરીને લઈ ગયો હોવાનું ખુલવા પામ્યું હતું.

આ ગંભીર બાબતે પોલીસે તાકીદની કાર્યવાહી કરી, દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. તથા એસ.ઓ.જી. પોલીસ દ્વારા સઘન કામગીરી હાથ ધરી હતી. આ બોલેરો વાહન સૌપ્રથમ તો દ્વારકા નજીકના કુરંગા અને ત્યારબાદ ખંભાળિયાના ટોલનાકા પાસેથી પસાર થઈ અને જામનગર તરફ ગયું હોવા અંગેના સીસીટીવી ફૂટેજ પોલીસને હાથ લાગ્યા હતા. જેથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતિશ પાંડેયની સુચના મુજબ આ બાબતે જામનગર જિલ્લા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી જામનગર એલ.સી.બી. પોલીસ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસ દ્વારા જામનગરમાં આવેલી અંબર ચોકડી પાસેથી આ બોલેરો જીપને ઝડપી પાડવામાં આવી હતી.

આ બોલેરોમાં એક જ શખ્સ હતો. જેનો ચાલક મોહિત અશોકભાઈ શર્મા કે જે ગાંધીધામનો વતની હોવાનું ખુલવા પામ્યું છે. જે અંગે પોલીસે જરૂરી નોંધ કરી વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે. અને બોલેરો ની સાથે આરોપીને પરત દ્વારકા લઈ જવામાં આવ્યો છે.

# મોરબીના ખાખરાળા ગામે પ્રસંગમાં ગયેલા પરિવારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીના ખાખરાળા ગામે બાજુબાજુમાં રહેતા બે સગાભાઈઓ એવા રીક્ષા ચાલકોના મકાનમાં ધોળા દિવસે ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. જો કે આ બન્ને ભાઈઓ સવારે લગ્ન પ્રસંગે બહાર ગયા હોય તે દરમિયાન તેમના બન્નેના ઘરમાં કોઈએ હાયફેરો કર્યો હતો. આ બનાવમાં લાખોના મુદ્દામાલની ચોરી થઈ છે. અને પોલીસે સ્થળ તપાસ પણ કરી છે. તેમ છતાં બનાવના બે દિવસ બાદ પણ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. આ અંગે પોલીસે જણાવ્યું હતું કે હાલ આ બન્ને ભાઈઓ કેટલા મુદ્દામાલની ચોરી થઈ તે અંગે નક્કર વિગતો આપશે ત્યારે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરાશે.

મોરબીના ખાખરાળા ગામે બે દિવસ પહેલા બાજુબાજુમાં રહેતા બે સગાભાઈઓ રહીમભાઈ અલીભાઈ સુમરા તેમજ તેમના ભાઈ મુસ્તાકભાઈ અલીભાઈ સુમરા મકાન બંધ કરી લગ્ન પ્રસંગે ગયા હતા. પાછળથી કોઈએ આ બન્નેના મકાનને નિશાન બનાવી ઘરમાંથી ઘરેલાં, રોકડ મળી લાખોનો મુદામાલની ચોરી કરી ગયાનું પરિવારજનોએ જણાવ્યું છે. તાલુકા પોલીસે આ બનાવના અંગે ઘટના સ્થળે તપાસ પણ કરી છે અને ડોગ સ્કોવોડની પણ મદદ લેવાઈ છે. પરંતુ હજુ સુધી આ ચોરીની ફરિયાદ નોંધવામાં આવી નથી. આ અંગે મોરબી તાલુકા પીઆઈ વાળાએ જણાવ્યું હતું કે, જે તે દિવસે ચોરી થવાની જાણ થતાં તેઓએ બન્ને ઘરની તપાસ કરી હતી. જો કે આ બન્ને ભાઈઓને કેટલા મુદ્દામાલની ચોરી થઈ એની માહિતી ન હોય તેઓ ઘરમાં યોગ્ય તપાસ કરીને ચોરીની નક્કર વિગતો આપશે એટલે કરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# ગુજરાતમાં ખાતાકીય પરીક્ષા પાસ કરનાર ૬૨૩ પીએસઆઈને પોસ્ટીંગ અપાયું

## રાજકોટ શહેર અને ગ્રામ્યમાં નવા ૪૦ પીએસઆઈ મુકાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પોલીસ વિભાગમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા ૫૨૩ જેટલા કર્મચારીઓએ મોડ-૩ની ખાતાકીય પીએસઆઈની પરીક્ષા પાસ કર્યા બાદ તેમને પોસ્ટિંગ માટે વેઈટિંગમાં રાખવામાં આવ્યા હતા જે તમામ ૫૨૩ પીએસઆઈને અલગ-અલગ જગ્યાએ પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. રાજકોટ સહિત રાજ્યભરના ૫૨૩ પીએસઆઈને અલગ-અલગ શહેર-જિલ્લામાં નિમણૂક આપવામાં આવી છે જેમાં રાજકોટ શહેરમાં નવા ૩૧ પીએસઆઈની નિમણૂક થઈ છે. જ્યારે ગ્રામ્યમાં ૯ પીએસઆઈ મુકાયા છે. બદલી પામેલા રાજકોટ શહેર અને જિલ્લાના કુલ ૨૫ જેટલા પીએસઆઈને અલગ-અલગ જિલ્લામાં મુકવામાં આવ્યા છે.

ગુજરાત પોલીસ વિભાગમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને પીએસઆઈ તરીકેની બઢતી માટે મોડ-૩ની પરીક્ષા પાસ કરવાની હોય છે. આ મોડ-૩ની ખાતાકીય પરીક્ષા થોડા વખત પૂર્વે લેવામાં આવી હતી જેમાંથી ગુજરાતભરના ૫૨૩ જેટલા પોલીસ કર્મચારીઓ કે જે એએસઆઈ હતા તેઓએ પરીક્ષા પાસ કરી પીએસઆઈ તરીકેની બઢતી મેળવી હતી જેમની જે તે સ્થળે હાલ નિમણુક કરવામાં આવી હતી અને પોસ્ટિંગ માટે વેઈટિંગમાં રાખવામાં આવ્યા હતા. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આ તમામ ૫૨૩ પીએસઆઈને પોસ્ટિંગ આપવાનો હુકમ કર્યો હતો. રાજકોટ શહેર અને જિલ્લાના કુલ ૨૫ પીએસઆઈની અલગ-અલગ જિલ્લાઓમાં બદલી કરવામાં આવી છે જેમાં રાજકોટ શહેરના જયુભા પરમારને રાજકોટ ગ્રામ્યમાં, ગ્રામ્યના પી.જે. વાઘેલાને જૂનાગઢ, રાજકોટ શહેરના વનીતાબેન બોરીચાને મોરબી તેમજ જ્યોત્સનાબેન માઢકને જૂનાગઢ, પારૂલબેન સોલંકીને જૂનાગઢ, મધુબેન પરમારને જામનગર, જયસુખભાઈ હુંબલને પોરબંદર, રાજેશકુમાર સોલંકીને રાજકોટ ગ્રામ્ય, પ્રવીણસિંહ ઝાલાને જૂનાગઢ, બિપીનદાન ગઢવીને પોરબંદર, જગદીશભાઈ પાંડવને અમરેલી મુકવામાં આવ્યા છે. જ્યારે રાજકોટ ગ્રામ્યમાં કુલ ૯ પીએસઆઈને અલગ- અલગ શહેર-જિલ્લામાંથી મુકવામાં અવ્યા છે રાજકોટ ગ્રામ્યના જે.કે. મનાત, મુસ્તફાખાન ચૌહાણ, એ.જે. પરમાર, પી.આર. બાલાસરા, એલ.બી. ડીંડોર, એમ.એચ. ચૌહાણ, ડી.જે. જોગેલા, ડી.એ. ભંડેરી, એલ.બી. લગધીર, એન.એમ. બારડ, એસ.એ. સાંગાણી, કે.જે. બલદાણિયા અલગ-અલગ જિલ્લામાં મુકાયા છે.

# વેરાવળમાં વેપારીની નજર ચુકવી કાઉન્ટરમાંથી રોકડની ચોરી કરનાર દંપતી ઝડપાયું

**મુખ્ય સમાચાર, વેરાવળ**



વેરાવળમાં વેપારીની નજર ચુકવીને દુકાનના કાઉન્ટરમાંથી ચોરી થયેલ રોકડ રૂપીયા સાથે બે આરોપીને પોલીસે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

વેરાવળમાં પ્રકાશ કોમ્પલેક્ષ વિસ્તારમાં આવેલ સુર્યા સ્ટોર નામની જનરલ સ્ટોરની દુકાનમાં ખરીદી કરવા આવેલ એક અજાણ્યો પુરૂષ અને મહિલાએ દુકાનદારની પિતા-પુત્રની નજર ચુકવી દુકાનના કાઉન્ટરમા રહેલ રૂા.૩૧,૫૦૦ ભરેલ લાલ કલરનુ પાકીટ ચોરી કરી લઇ ગયેલ હોવાની ફરીયાદ પોલીસમાં નોંધાયેલ છે. આ બનાવ અંગે જુનાગઢ રેન્જ ડી.આઈ.જી.પી. નિલેષ જાજડીયા, જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન.જાડેજા, મદદનીસ પોલીસ અધિક્ષક જીતેન્દ્ર અગ્રવાલ દ્વારા આરોપીઓને શોધી કાઢવા સખત સુચના આપેલ જે અનુસંધાને પોલીસ ઇન્સ. એ.એમ.મકવાણા ના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ. આર.આર.રાયજાદા, પો.સબ.ઈન્સ. આઈ.એ.બેલીમ તથા સવેલન્સ સ્કોડનો સ્ટાફના એ.એસ.આઈ. વિપુલભાઈ રામસીંગભાઇ, વજુભાઇ ઉગાભાઈ, પો.હેડ કોન્સ. અનિરૂધ્ધસિંહ જયવંતસિંહ, વિશાલભાઈ પેથાભાઈ, મયુરભાઈ મેપાભાઈ, પો.કોન્સ. અશોકભાઈ હમીરભાઈ, રોહિતભાઈ જગમાલભાઇ, નદિમાભાઇ શેરમહમદ, મહિલા પો.કોન્સ. બિંદીયાબેન નાથાલાલ સહીતના પેટ્રોલીંગમાં રહેલ તે દરમ્યાન ટેકનીકલ સર્વેલન્સ તથા સી.સી.ટી.વી. કંટ્રોલ નેત્રમ શાખાની મદદથી ચોકક્સ બાતમીના આધારે વેરાવળમાં શાક માર્કેટ પાસેથી રાજેશ ઉકાભાઈ વાઘેલા ઉ.વ.૩૦ ધંધો- મચ્છીના, સોનલ રાજેશભાઈ વાઘેલા રહે બન્ને.મુળ કણજળી, તા-વંથલી વાળાને ચોરી થયેલ રોકડા રૂા.૩૧,૫૦૦ સાથે ઝડપી લઈ ઉપરોક્ત ગુન્હો ડીટેક્ટ કરેલ છે.

# હોટલ સંચાલકે ગ્રાહકને બાઈક સાઈડમાં રાખવાનું કહેતા બબાલ: ટોળાએ હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**





બાલાજી હોલ પાસે આવેલી ગોપાલ ટી સ્ટોલ નામની આવેલી ચાની દુકાના માલિકે તેને ત્યાં ચા પીવા આવેલા અજાણ્યા શખ્સોને બાઈક સાઈડમાં રાખવાનું કહેતા ઉશ્કેરાઈને તેને બોલાચાલી કરી હતી અને ત્યારબાદ ત્યાં ૨૫ જેટલા શખ્સોનું ટોળું ધસી આવ્યું હતું અને તેમને હુમલો કરતા એકને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

વિગતો મુજબ બાલાજી હોલ પર આવેલી ગોપાલ ટી સ્ટોલના માલિક જોગરાણા નવઘણભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતુંકે, તેઓ બપોરના સમયે પોતાની ચાની દુકાને હતા તે સમયે ત્યાં અજાણ્યા શખ્સો ચા પીવા માટે આવ્યા હતા. અને તેમાંથી એક શખ્સે બાઈક રોડ પર પાર્ક કરતા નવઘણભાઈ દ્વારા તેમને બાઈક સાઈડમાં રાખવાનું કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને તેના સાથે બોલાચાલી કરી ચાની રકાબીઓ તોડી નાખી હતી.અને થોડી જ વારમાં ૨૫ શખ્સોનું ટોળું ત્યાં ધસી આવ્યું હતું અને તોડફોડ કરવાનું ચાલુ કર્યું હતું, પરંતુ ઘટનાની જન પોલીસને થતાં એસીપી સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મામલો થાળે પડયો હતો. જ્યારે આ ઘટનામાં એકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. જ્યારે હાલ આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સોશિયલ મીડિયામાં વાયરલ થાય થયા છે.

# પોરબંદરના આદિતપરામાં વિદેશી દારૂની ૧૮૦ બોટલ સાથે ત્રણ ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



પોરબંદરના આદિતપરા ગામ નજીક રેલ્વેના પુલ પાસે જૂની અવાવરૂ ઓરડીમાં છૂપાવેલ ૧૮૦ બોટલ વિદેશી શરાબ સાથે પોલીસે ત્રણ શખ્સોને પકડી પાડયા છે જ્યારે માલ પૂરો પાડનાર રાણપરના શખ્શ સામે પણ ગુન્હો નોંધીને શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ એલ.સી.બી.ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર એચ.એમ. જાડેજા તથા એલ.સી.બી. સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એ.એસ.આઇ. બટુકભાઈ વિંઝુડા તથા એચ.સી. હિમાંશુ મકકા તથા ઉદયભાઇ વરૂને મળેલ હકીકતના આધારે, આદિતપરા ગામ હમીરબાપાનો જુનો એરીયામાં રેલ્વેના લોખંડના પુલ પાસે વિનોદ કાનજીભાઇ દત્તાણીની વાડી પાસે જુની અવાવરૂ ઓરડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કાચની કંપની શીલપેક બોટલો ભરેલ પુઠ્ઠાના બોક્ષ નંગ ૧૫ બોટલો નંગ ૧૮૦ કિ. રૂા. ૧,૨૬,૦૬૦ તથા મોબાઇલ ફોન નંગ-૪ કિં. રૂા.૧૫,૫૦૦ મળી કુલ રૂા. ૧,૪૧,૫૬૦ના મુદામાલ સાથે આરોપી અરભમ ઉર્ફે અભલો આવળાભાઈ ઓડેદરા ઉ.વ. ૩૦ રહે. આદિત્યાણા ગામની ખારાસીમ વાડીએ, લખમણ જીવાભાઈ મોઢવાડીયા ઉ.વ. ૪૨ રહે. આદિતપરા ગામ ગૌશાળા પાસે, પાંચા ઉર્ફે નાઇણીયો ધનાભાઈ કટારા ઉ.વ.૨૭ રહે. ધરમપુર ગામ પંચાયત ઓફીસ પાછળ તેમજ બધા ભોરાભાઇ શામળા રહે. રાણપુર ગામ ને દારૂ સાચવવા આપી ગયેલ હોય. જેથી ચારેય આરોપીઓ વિરુધ્ધ રાણાવાવ પોલીસસ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે.

# ઉત્તરાયણના તહેવાર પૂર્વે પતંગની દોરીથી બાઈકસવારનું ગળુ કપાયુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



દર વર્ષે પતંગનાદોરાથી અનેક લોકોના ગળા કપાય હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવે છે. ત્યારે રાજકોટમાં પતંગના દોરાથી બાઈક ચાલકનું ગળુ કપાયાની ઘટના સામે આવી છે. યુવાનને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરના કાલાવડ રોડ પર આવેલ વામ્બે આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા અને લીમડાચોક નજીક પુરી-શાકની ખાણીપીણીની રેકડી ચલાવતા ભરત વલ્લભભાઈ વાજા (ઉ.વ.૪૦) પોતાનું બાઈક લઈ સાંજના છએક વાગ્યાના અરસામાં લોટ દરાવવા માટે ઘર નજીક આવેલ ફલોર મીલ ખાતે જતા હતા ત્યારે રસ્તામાં ચાલુ બાઈક તેના ગળામાં પતંગનો દોરો ફસાતા તેમને ગંભીર ઈજા થઈ હતી. ભરતભાઈને ગંભીર ઇજા પહોંચતા લોહી લુહાણ હાલતમાં તત્કાલીક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. અહીં તેમને ઈમરજન્સી વિભાગમાં દાખલ કરી તત્કાલ ગળામાં ૧૨ ટાંકા લેવા પડ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, જેમ-જેમ ઉત્તરાયણ નજીક આવશે તેમ-તેમ ધાતક દોરાથી ગળા કપાવાના બનાવો વધશે. પરંતુ લોકોએ સાવચેતી પૂર્વક બાઈક પર નીકળે ત્યારે ગળે કોઈ કપડું કે રૂમાલ વીંટીને ગળાની સલામતી રહે તેમ નીકળવા તંત્ર દ્વારા અનેક વખત અનુરોધ કરાયો છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT